**ફોજદારી કેસ નં. 8813/2017**

## //આંક – ૧ લગત હુકમ//

(૧) આ કેસનું રેકર્ડ વંચાણે લીધું. સદરહુ કેસ દાખલ થયા બાદ કોર્ટ દ્વારા આરોપીને સમન્સ કાઢવામાં આવેલ પરંતુ આરોપીને સમન્સ બજેલો નહી અને આરોપી બીજી કોઈ જગ્યાએ રહેવા ચાલ્યા ગયેલા છે અને આરોપીને કોઈ ઓળખી બતાવતા નથી કે જણાવેલ સરનામે રહેતા નથી તેવા શેરા સમન્સ પર કરવામાં આવેલ અને વગર બજે પરત મોકલેલ છે. હાલનું ચાર્જશીટ સંબંધિત પોલીસ સ્ટેશન દ્વારા ગુજરાત નશાબંનધી અધિનિયમ એકટની કલમ – ૬૬(૧)(બી) અને ૮૫(૧) મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં આરોપી સામે રજુ કરેલ છે અને આરોપી સામે ઉપરોકત ગુનાનું સંજ્ઞાન લેવાયેલ છે. આ કામે જે ચાર્જશીટ સાથે રજુ થયેલ ફરિયાદ અને સાહેદોના નિવેદનો ધ્યાનેલ`તા આરોપીએ કેફી પદાર્થ લીધેલ હોય તેવું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે, પરંતુ સદરહુ આરોપી આ કાયદાની કલમ – ૮૫(૧) માં જણાવ્યા અનુસાર નશાની અસર હેઠળ હોય અને લોકોની આવ જાવ કરવાની છૂટ હોય તેવા કોઈ રસ્તા, રાહદારી માર્ગ, સાર્વજનિક સ્થળમાં છાકટો બનેલો હોય અને ઉપદ્રવ ઉભો કરતો હોય કે કોઈ વ્યકિત સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દ અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય કે બીજા સાથે મારામારી કરતો હોય, કોઈપણ સ્ત્રી સાથે ગેરવર્તણૂંક કરતો હોય, અશ્લીલ ચેનચાળા કરતો હોય તેવું ચાર્જશીટ સાથે રજુ થયેલા સાહેદોના નિવેદનો કે ફરિયાદ પરથી જણાઈ આવતું નથી. જેથી સમગ્ર ચાર્જશીટ સાથે રજુ થયેલા સાહેદોના નિવેદનો કે ફરિયાદ પરથી જણાઈ આવતું નથી. જેથી સમગ્ર ચાર્જશીટ સાથે રજુ થયેલા દસ્તાવેજો ધ્યાને લેતા, આરોપી સામે ગુજરાત નશાબંધી અધિનિયમ – ૬૬(૧)(બી) ના તત્વો આકર્ષાતા હોય અને આ કાયદાની કલમ – ૮૫ (૧) ના કોઈ તત્વો આકર્ષાતા ન હોય અને તેથી તે ગુનાનું તહોમત ઘડવા જેટલો પુરતો પુરાવો રેકર્ડ પર ન હોય તેથી આરોપીની સામે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ – ૮૫(૧) ના ગુનામાં ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ – ૨૩૯ મુજબ બિન તહોમત છોડી મુકવામાં આવે છે. વધુમાં આરોપી સામે હવે જે ગુનાનો આરોપ છે તે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ – ૬૬(૧)(બી) નો ગુનો છે અને સમન્સ ટ્રાયેબલ ગુનો છે. વધુમાં આરોપી સામે વખતો વખત પ્રોસેસ કાઢવામાં આવેલ , પરંતુ આરોપીને સમન્સ કોઈપણ કારણસર બજવણી થતી નથી અને આરોપીના અધુરા સરનામાને કારણે સમન્સ વગર બજે પરત આવેલ છે. જેથી આરોપી સામેની કાર્યવાહી વધુ સમય ચાલુ રાખવી વ્યાજબી જણાતી નથી. જેથી ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ – ૨૫૮ વંચાણે લેતા હાલના કેસમાં આરોપીઓને સમન્સ બજતો ન હોય આરોપી સામેની કાર્યવાહી સ્થગિત કરવી વ્યાજબી જણાતી હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

### //હુકમ//

(૧) આ કામના આરોપીની સામેની ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ – ૬૬(૧)(બી) ના કલમ અન્વયેની કેસની કાર્યવાહી ફોજદારી કાર્યરીતી સંહિતાની ૨૫૮ અન્વયે સ્થગિત કરવામાં આવે છે અને કેસ ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં જો આરોપી જો નજીકના ભવિષ્યમાં મળી આવે તો ફરિયાદ પક્ષ કેસ રી – ઓપન કરાવી શકશે.

(૨) આ કામે જો કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તો અપીલ સમય વીતેથી નાશ થવાને પાત્ર મુદ્દામાલનો નાશ કરવો અને કિંમતી મુદ્દામાલ હોય તો તેને સરકાર ખાતે ખાલસા કરવો અને જે મુદ્દામાલ વચગાળાની કસ્ટડી તરીકે સોંપવાનો હુકમ કરેલ હોય તેને બીનશરતી રીતે કાયમી કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૩ મી માહે ઓગષ્ટ સને ૨૦૨૨ ના રોજ મેજીસ્ટ્રેટની ખાસ સીટીંગમાં જાહેર કર્યો.

**તા. ૧૩–૦૮–૨૦૨૨**
સ્થળ: અમદાવાદ.

**( વિમલ પ્રદિપભાઈ આચાર્ય)**
સાતમાં એડી સીવીલ જજ
અમદાવાદ (ગ્રામ્ય ) મીરઝાપુર
UIC No.GJ -**01445**